શહેરમાં અડધો ઈંચ વરસાદ

સેક્ટરોમાં વરસાદી માહોલની જમાવટ : જનજીવન ભીંજારાથી પ્રભાવિત : વરસાદી વાયરા વચ્ચે મહત્તમ તાપમાન ૩ ડીગ્રી ગગડયુ : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૨ ડીગ્રીનો તફાવત : વરસાદી છાંટણાના અંતે વાતાવરણમાં ઉકળાટ અનુભવતા નગરજનો : શહેરમાં સિઝનનો માંડ ૬ ઇંચ વરસાદ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં જુન મહીનાથી વરસાદી વાયરો અનુભવતા નગરજનો મેઘરાજા મનમુકીને વરસે તેની વાટે છે. પરંતુ છેલ્લા એક મહીનાથી મેઘરાજા મંદ મિજાજ વચ્ચે હળવા ઝાપટા વરસાવી ભીંજારાનો માહોલ યથાવત રાખતા સેકટરોમાં ઉભરાતા પાણીના ખાબોચિયા વચ્ચે વરસાદી સમસ્યાઓ ડોકીયા કરી રહી છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે સિઝનનો અત્યાર સુધીનો વરસાદ માંડ ૬ ઈંચ જેટલો થયો છે. આજે પણ સવારે વરસાદી ઝાપટાના અંતે દિવસ દરમિયન છુટાછવાયા વરસાદી છાંટણા વરસ્યા હતા જયારે મોડી સાંજે પણ વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. વરસાદી વાયરા વચ્ચે શહેરમાં મહત્તમ તાપમાન ૩ ડીગ્રી ગગડયુ હતુ જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૨ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો આમછતા વરસાદી ઝાપટા બાદ નગરજનોએ આકરા બફારાનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં વરસાદી મોસમ નિખરી છે. પરંતુ વરસાદ હજુ પુરબહારમાં વરસ્યો નથી. આજે પણ દિવસ દરમિયાન વરસાદી ઝાપટા સાથે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે સવારે વરસાદી ઝાપટા બાદ દિવસ દરમિયાન મેઘરાજા ધીમી ધારે વરસતા રહ્યા હતા. જો કે છાંટણા વરસાવી જતા વરસાથી છેલ્લા ૨૪ કલાક દરમિયાન માંડ અડધા ઈંચ જેટલો વરસાદ થયો હતો શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૧૫૬ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત સિઝનનો ૬ ઈંચ વરસાદ થયો છે. છેલ્લા ઘણાં દિવસોથી રાજયના વિવિધ ભાગોમાં ધોધમાર વરસતા વરસાદના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. પરંતુ ગાંધીનગરમાં મેઘરાજાના મંદ મિજાજથી નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળોના લીધે મોસમનો મિજાજ રોજબરોજ બદલાય છે. શહેરમાં અત્યાર સુધી એકધારો એક ઈંચ વરસાદ પણ પડયો નથી ટીપે ટીપે વરસતા વરસાદના લીધે સતત વરસાદી

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના પાંચ વિધાનસભા મત વિસ્તારમાં ૧૩૦૦ જેટલા મતદારોએ સ્થળાંતર કર્યુ

૪૪૦૦થી વધુ ફોર્મ અવસાનના કિસ્સામાં નામ કમી કરવા માટેના મળ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં મતદાર વેરીફીકેશનની ચાલી રહેલી ઝુંબેશ દરમ્યાન ૪૪૦૦ જેટલી વ્યક્તિઓના અવસાનના કિસ્સામાં ફોર્મ ગયા હોવાની વિગતો જાણવા મળી છે.

આ વેરીફીકેશન અભિયાન દરમ્યાન ૧૩૦૦થી વધુ લોકો સ્થળાંતર કરી ગયાનું પણ જણાઈ આવ્યું છે.

૨૨મી જુલાઈ સુધી ચાલનારી આ ઝુંબેશને અંતે તમામ બી.એલ.ઓ. દ્વારા તેમનો અહેવાલ રજૂ થશે એ પછી ચૂંટણીપંચ આ દિશામાં કામગીરી કરશે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ વિધાનસભામાં અવસાનના કિસ્સામાં નામ કમી કરવા માટે ૫૩૩, ગાંધીનગર(દ)માં ૮૫૪, ગાંધીનગર(ઉ)માં ૫૪૪, માણસામાં ૧૮૧૩ અને કલોલમાં ૭૦૦ જેટલા ફોર્મ ળ્યા છે.

મરણથી નામ કમી કરવાની અરજીઓ આટલી મોટી સંખ્યામાં થઈ હોવાથી તંત્ર દ્વારા પણ બુથ બારીકાઈથી તપાસ કરી નિર્ણય લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે લોકોમાં રાહતની લાગણી પ્રસરી

કલોલ-માણસામાં એક ઈંચ વરસાદ તો ગાંધીનગર-દહેગામમાં અડધો ઈંચ વરસાદ ૬ વાગ્યા સુધીમાં નોંધાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે સવારથી શરૂ થયેલો વરસાદ સતત ધીમી ધારે વરસી રહ્યો હોવાથી લોકોમાં રાહતની લાગણી પ્રસરી જવા પામી છે તેમજ ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સાંજે ૬ વાગ્યા સુધીની પ્રાપ્ત વિગતો મુજબ કલોલ-માણસામાં એક-એક ઈંચ તો દહેગામ ગાંધીનગરમાં અર્ધો-અર્ધો ઈંચ વરસાદ નોંધાયો છે.

આજે સવારથી થયેલા ધીમી ગતિના વરસાદને કારણે ધરતીમાં પાણી ઉતરશે તેમજ જમીનમાં ભેજનું પ્રમાણ વધતાં તેની સીધી અસરો પાકના ઉગાવામાં જોવા મળશે તેમ ખેડૂતો કહી રહ્યા છે.

કલોલમાં સાંજે ૪ થી ૬ દરમ્યાનના ગાળામાં ૧૯ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. આમ તો જિલ્લાના દરેક તાલુકામાં ધીમી ગતિનો વરસાદ સાર્વત્રિક જોવા મળતાં લોકોએ રાહતની લાગણી અનુભવી છે.

જો કે વરસાદના આગમનને કારણે ગ્રામ્ય તળાવોમાં પાણીની આવક થઈ છે. કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતા કાદવ-કીચડ પણ થયા છે.

જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ થયો છે અને હજુ પણ બે દિવસ સુધી આ વરસાદ ચાલુ રહેશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે.

● અનુસંધાન પાન-૭ પર

૨૧મીએ યોજાનાર યુવા વિધાનસભામાં

ગાંધીનગરનો ગૌત્તમ દવે વિપક્ષ નેતા બની ગૃહ ગજવશે તો માધવી દવે મંત્રી તરીકે જવાબો આપશે

યુવા ગુજરાતની યુવા વિધાનસભાની કેટલીક નોંખી વાતો અધ્યક્ષ ડો. નીમાબેન અને સ્કૂલ પોષ્ટના વિકાસ રાજવંશીએ કહી : આ યુવા વિધાનસભામાં ગાંધીનગરના ૨૧ યુવાનો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૯

આવતીકાલે ગુરૂવારે સવારે યુવા ગુજરાતની અનોખી યુવા વિધાનસભાનુ સત્ર વિધાનસભા સંકુલ ખાતે મળશે. ગ.વ. માવલંકર તાલીમ બ્યુરો અને સ્કૂલ પોષ્ટના સંયુક્ત આયોજન તળે આ યુવા વિધાનસભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યએ આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે યુથ ડેવલપમેન્ટ પોલીસીના વિવિધ મુદ્દાઓ પર સ્પીકર કોન્ફરન્સમાં ચર્ચા ચાલતી હતી તેમાં આ પણ એક મુદ્દો હતો. મને ખુબ પસંદ પડ્યો હતો. ગુજરાતમાં ૫૦ ટકાથી વધુ યુવા મતદારો નોંધાયેલા છે.

યુવા નેતૃત્વ તાલિમ અને આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજવણીને સાંકળી ગુજરાતમાં યુવા વિધાનસભાનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્કૂલ પોષ્ટ નામની સંસ્થાએ આ માટે તૈયારી બતાવી અને સંસદીય તાલિમ બ્યુરો જે વિધાનસભામાં ચાલે છે તેઓએ સંયુક્ત રીતે આ યુવા વિધાનસભા યોજવાના આયોજનનો રોડમેપ તૈયાર કરી રજૂ કર્યો જે ખુબ જ યોગ્ય જણાતાં અમે આના આયોજનને આખરી ઓપ આપ્યો છે.

સ્કૂલ પોષ્ટ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં આ અંગે વક્તૃત્વ સ્પર્ધા અને ગ્રુપ ડિસ્કશન વિગેરેના આયોજનો કરી ૧૮૨ યુવાઓની પસંદગી કરી છે.

આ યુવા વિધાનસભામાં મુખ્યમંત્રી તરીકે રોહનની પસંદગી કરવામાં આવી છે. સ્કૂલ પોષ્ટના વિકાસ રાજવંશીએ જણાવ્યુ હતુ કે વિપક્ષના નેતા તરીકે ગાંધીનગરના

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરના ૨૧ યુવાઓ ગૃહમાં પ્રતિનિધિત્વ કરશે

જેમાં ૧૩ કોલેજના અને ૮ સ્કૂલના યુવાઓ

ગાંધીનગર ખાતે યોજાનાર યુવા વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે ગૌત્તમ દવે તેમજ કુટિર ઉદ્યોગ મંત્રી મંત્રી તરીકે માધવી દવે અને ધારાસભ્યો તરીકે ૨૧ યુવાઓની પસંદગી કરાઈ છે.

પસંદગી પામેલા આ ૨૧ યુવાઓમાં ૧૩ કોલેજના વિદ્યાર્થી છે આ ઉપરાંત ૮ વિદ્યાર્થીઓ ધો. ૧૨માં અભ્યાસ કરી રહ્યા છે.

આ ૨૧ યુવાઓ ઉપરાંત બે ચોપદાર તેમજ વિધાનસભાના સાર્જન્ટ તરીકે એમ અન્ય ત્રણ યુવાઓની પસંદગી કરાઈ છે.

પ્રશ્નોત્તરી માટે ૩૦ જેટલા પ્રશ્નો તૈયાર કરાયા

સવારે નવ વાગ્યે ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે

- યુવા વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી સમય માટે ૩૦ જેટલા પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા છે અને આ પ્રશ્નો સભ્યો દ્વારા રજૂ થયા બાદ સંબંધિત મંત્રીઓ તેના જવાબ આપશે.
- આ યુવા વિધાનસભાનો સત્રારંભ વિધાનસભાના અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્ય અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કરાવશે. આ પ્રસંગે રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી તેમજ વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ખાસ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

કોરોના વિસ્ફોટ : શહેરમાં કોરોનાના નવા ૨૫, ગ્રામ્યમાં ૧૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં આજે વિસ્ફોટ થયેલો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં ૨૫ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડા પછી આજે એકાએક ઉછાળો આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. શહેર-જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. લોકલ ટ્રાન્સમિશન ઝડપથી વિસ્તરી રહ્યુ હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૦ દર્દી રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો છે તેમજ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા તેમજ મોટી વયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૧ અને સરગાસણમાંથી ૨-૨, આઈઆઈટીમાંથી ૭ ઉપરાંત સે. ૨૩, ૫, ૨૧, ૧૯, ૧૩, ૮, ૬, ૧૬, ૨૨, ૨, ૨૬ તેમજ કુડાસણ, જીઈબી અને પેથાપુરમાંથી એક-એક કેસ મળી આવેલ છે : ગાંધીનગર ગ્રામ્યમાં ૮, કલોલમાં ૪ તેમજ માણસામાં ૫ કેસ નોંધાયા છે

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં ૮, કલોલમાં ૪ તેમજ માણસામાં ૫ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાની આ લ્હેરમાં પ્રારંભમાં માણસામાં કેસો દેખાયા પછી આજે એક જ દિવસમાં પાંચ કેસ સામે આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દી અને ૬૦થી વધુ વયના દર્દીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં ગિયોડ-રૂપાલમાં, અદાણી શાંતિગ્રામમાં બે-બે કેસ નોંધાયા છે. ગિયોડમાં ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ સઘન સારવાર જરૂરી જણાતાં અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

કલોલમાં કલોલ અર્બન-૨ વિસ્તારમાં એક જ દિવસમાં ૪ કેસ સામે આવ્યા છે.

માણસા તાલુકામાં ઈન્દ્રપુરા, અનોડિયા, મહુડી, જામળા, ઈટાદરામાંથી કેસો મળી આવ્યા છે.

આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસો સાથે ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૩૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૧૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૨૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દી છે. પાંચ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે કોરોના વિસ્તર્યો છે અને ૧૩ જેટલા જુદા જુદા સેક્ટરોમાં કોરોનાએ તેની હાજરી નોંધાવી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટી સંકુલ એ કોરોના માટે હોટ સ્પોટ બની ચુક્યુ છે. આ સંકુલમાંથી આજે વધુ ૭ કેસ સામે આવ્યા છે.

શહેરમાં આજે સે. ૧ અને સરગાસણમાંથી ૨-૨, આઈઆઈટીમાંથી ૭ ઉપરાંત સે. ૨૩, ૫, ૨૧, ૧૯, ૧૩, ૮, ૬, ૧૬, ૨૨, ૨, ૨૬ તેમજ કુડાસણ, જીઈબી અને પેથાપુરમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ઉભા સુકા જોખમી વૃક્ષો દુર કરવા વનતંત્ર એક્શન મોડમાં

સેક્ટરોમાં ઉભા સુકા વૃક્ષોનો સર્વે હાથ ધરવામાં આવ્યો : સુકાયેલા જોખમી વૃક્ષો ગમે ત્યારે જાનલેવા પુરવાર થવાની દહેશત : સર્વેના અંતે આવા ભયજનક વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં વરસાદી દિવસોમાં દુવિધાઓ વધી છે. ત્યારે વૃક્ષો પણ ટ્રીમીંગના અભાવે નાગરિકો માટે અવરોધરૂપ બન્યા છે. સેકટરોમાં લટકતા વૃક્ષોના તોતિંગ ડાળાઓ ઉપરાંત ઉભા સુકા જોખમી વૃક્ષો પણ વરસાદી દિવસોમાં ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જે તેવી દહેશત છે. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા ઉભા સુકા વૃક્ષોનો સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. આ સાથે તંત્ર કક્ષાએથી સુકાયેલા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી રહી છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ઉભા સુકા વૃક્ષો આમ નાગરિકો માટે દિનપ્રતિદિન જોખમી પુરવાર થઇ રહ્યા છે. સેકટરોમાં એકબાજુ લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવ્યુ નથી જેના લીધે ઠેર ઠેર વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ ભયજનક રીતે લટકતી હાલતમાં જોવા મળી રહી છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાને આડશ બનતી ડાળીઓ વોક વે પર પણ નાગરિકો માટે અવરોધરૂપ બની રહી છે. ત્યારે સેકટરોના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે બીજીતરફ શહેરમાં ઉભા સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જોખમી વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા જાનલેવા અકસ્માત થવાની પણ સંભાવના છે. સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ ઉઠાવી છે વનતંત્ર દ્વારા હાલ વરસાદી દિવસોમાં શહેરના માર્ગો આસપાસ સુકાયેલા વૃક્ષોની કટોતી હાથ ધરવામાં આવી છે. સેકટરોમાં ઉભા સુકા અને જોખમી વૃક્ષોના મામલે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે સેકટરોમાં જોખમી વૃક્ષોની કટોતી તેજ ગતિએ હાથ ધરાશે જો કે હાલ પણ વનતંત્ર દ્વારા સુકાયેલા ભયજનક વૃક્ષો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરના ઘ-૨ થી ગ- ૨ વચ્ચેના રૂટમાં આજે સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે વનતંત્રની ટીમ કામે લાગી હતી આ ઉપરાંત શહેરના રહેણાંક વિસ્તારમાં પણ નમી પડેલા વૃક્ષો તેમજ તોતિંગ ડાળીઓ દુર કરવા માટે રોજબરોજ વનતંત્રની કચેરીઓમાં અરજીઓનો ઢગ થઇ રહ્યો છે. રહેણાંક વિસ્તારમાં પણ જોખમી વૃક્ષો કે તેના ડાળાઓ દુર કરવા માટે સ્થાનિકો દ્વારા રજુઆત કરવામાં આવી રહી છે. શહેરમાં લાંબા સમયથી વૃક્ષોના ટ્રીમીંગ સહીત જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર કક્ષાએથી કામગીરી હાથ ધરવામાં આવી નથી જેના લીધે વરસાદી દિવસોમાં આ સમસ્યા વધુ પેચીદી બની છે.

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

શહેરના સરકારી આવાસોમાં પેટા ભાડુઆતોની તપાસ ઝુંબેશનુ સુરસુરિયુ

સે-૬ માં પેટાભાડુઆતાનો ૧૨ કિસ્સા ઝડપાયા બાદ સેક્ટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં તપાસ કરવાની વાત અધ્ધરતાલ : સરકારી ચોપડે પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ કર્મચારીઓની અરજીને પણ ન્યાય મળતો નથી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં એકબાજુ રહેણાંકને લાયક સરકારી આવાસોની સંખ્યા નહીંવત છે. જયારે મોટાભાગના મકાનો જોખમી હાલતમાં છે. આ સ્થિતિ વચ્ચે નવા મકાનો તૈયાર થવામાં પણ હજુ વિલંબ થાય તેમ છે. ત્યારે હાલના રહેણાંક મકાનોમાં પણ પેટાભાડુઆતોનો કબજો હોવાની ફરિયાદો વધી છે. ત્યારે આ મામલે તંત્રએ સે-૬ માં આકસ્મિક તપાસ હાથ ધરીને ૧૨ કિસ્સામાં પેટાભાડુઆતોન ઝડપી લીધા હતા પરંતુ સેકટરોમાં આ ઝુંબેશ ચાલુ રાખી અન્ય આવાસોને પણ અનઅધિકૃત કબજેદારોની ચુંગાલમાંથી મુકત કરાવવા માટેની કામગીરી જાણે આટોપી લેવામાં આવી હોય તેવી સ્થિતિ છે. જેના લીધે સરકારી ચોપડે આવાસ માટે પ્રતિક્ષા યાદીમાં મુકાયેલા અરજદારોને ન્યાય મળતો નથી.

ગાંધીનગરમાં સરકારી આવાસોનો કબજો મેળવ્યા બાદ પેટાભાડુઆતોને રહેવા આપવા સહીત અનઅધિકૃત કબજેદારોના વસવાટ સંદર્ભે ફરિયાદો ઉઠવા પામી છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા સે-૬ માં ભગતસિંહ નગરમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

આ દરમિયાન આ આવાસોમાં ૧૨ જેટલા મકાનોમાં પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે પેટાભાડુઆતો ઝડપાયા બાદ અન્ય સેકટરોમાં પણ આ મુજબના અનઅધિકૃત કબજેદારો કે પેટાભાડુઆતોના વસવાટમાંથી આવાસોને મુકત કરવા સેકટરોમાં ઝુંબેશ હાથ ધરવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ હજુ આ મામલે કાંઈ થયુ નથી. અલબત્ત આખી વાત અધ્ધરતાલ છે. જયારે આ ઝુંબેશના પ્રારંભે મંત્રી નિવાસના સ્ટાફના કર્મચારીઓ સહીત મહાનુભાવોના કાર્યાલયના અધિકારીઓ કર્મચારીઓ જ પેટાભાડુઆતોને મકાન આપ્યુ હોવાનુ પણ ધ્યાનમાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com